# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૦૮/૦૮/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## એ– ટફ સ્કીમને ફરીથી શરૂ કરાવવા ટેક્સટાઇલ ઉદ્યોગકારોનો એકમત, પીએલઆઇ સ્કીમ સુરતના એમએસએમઇ ઉદ્યોગકારો માટે વાયેબલ નથી, આથી જ્યાં સુધી ટીટીડીએસ સ્કીમ ચાલુ નહીં થાય અને અમલમાં નહીં મુકાય ત્યાં સુધી એ–ટફ સ્કીમને ૧લી એપ્રિલ– ૨૦૨૨ એટલે કે પાછલી તારીખથી ઈફેક્ટ આપીને ચાલુ કરાવવા નોટિફિકેશન બહાર પાડવા ઉદ્યોગકારોની માંગ

### ચેમ્બર તથા ફિઆસ્વી દ્વારા દેશના કેન્દ્રીય ટેક્સટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની આગેવાનીમાં સરકારને એ–ટફ સ્કીમને પાછલી તારીખથી ઈફેક્ટ આપીને ચાલુ કરાવવા નોટિફિકેશન બહાર પાડવા માટે રજૂઆત કરવામાં આવશે : ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફિઆસ્વી દ્વારા સોમવાર, તા. ૮ ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીના તમામ સેક્ટરના ઉદ્યોગકારો સાથે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ઓફલાઇન/ઓનલાઇન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મિટીંગમાં ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધી (ઓનલાઇન), ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, સાઉથ ગુજરાત ટેકસટાઇલ પ્રોસેસિંગ એસોસીએશનના પ્રમુખ જિતેન્દ્ર વખારીયા (ઓનલાઇન), ફોગવાના પ્રમુખ અશોક જીરાવાલા, વેડરોડ વિવર્સ એસોસીએશનના ઉપપ્રમુખ ભુપેન્દ્ર ચાહવાલા, સચીન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાંથી મયૂર ગોળવાલા, પ્રણવ ભરત ગાંધી, સુરેશ પટેલ, ડો. અનિલ સરાવગી, પરેશ જરીવાલા, વોર્પ નીટર્સ એસોસીએશનમાંથી રમન મેગોટીયા અને રાકેશ મહેતા, યાર્ન ડીલર્સ એસોસીએશનમાંથી અનિલ દલાલ, માસમા ઓલપાડ વિવર્સ એસોસીએશનમાંથી ડી.એ. કાબરાવાલા, સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનમાંથી અંકીત બુટાણી, કીમ પીપોદરા વિવર્સ એસોસીએશનમાંથી રસિક કોટડીયા, કિરણ ઠુમ્મર અને સાવન દુધાત, સુરત વિસ્કોસ વિવર એસોસીએશનમાંથી રાજેશ જરીવાલા, ધર્મેશ પટેલ, રજની લાલવાલા અને રાજુભાઇ મારફતિયા, ઉધના વિવર્સ સોસાયટીમાંથી અજયભાઇ, સીએ રાજીવ કપાસિયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, એ– ટફ સ્કીમ બંધ થઇ ગઇ છે અને કેન્દ્ર સરકાર દ્વારા નવી સ્કીમ લાવવામાં આવી રહી છે. આ નવી સ્કીમની ડ્રાફટ નોટ ભારત સરકારના કાપડ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવી હતી. આથી આ મામલે ચર્ચા કરવાના સંદર્ભે આજની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીના તમામ સેકટરના આગેવાનોએ ચેમ્બર તથા ફિઆસ્વી સમક્ષ પોતપોતાના સૂચનો રજૂ કર્યા હતા.

મિટીંગમાં ટેકસટાઇલના જુદા–જુદા સેકટરના ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે, ટેકસટાઇલની અપગ્રેડ મશીનરીના કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ ઉપર જ સબસિડી જોઇએ છે. કોઇને પણ પ્રોડકશન કે ટર્નઓવર ઉપર સબસિડી જોઇતી નથી. આથી પીએલઆઇ સ્કીમ સુરતના એમએસએમઇ ઉદ્યોગકારો માટે વાયેબલ નથી. ટેકસટાઇલ મશીનરી મેન્યુફેકચરર્સ એસોસીએશનના ભૂતપૂર્વ પ્રમુખ વલ્લભ ઠુમ્મરે કરેલા અભ્યાસમાં તેમને પણ એમએસએમઇ ઉદ્યોગકારો માટે પીએલઆઇ સ્કીમ વાયેબલ લાગતી ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી કરીને એ–ટફ સ્કીમને ૧લી એપ્રિલ– ૨૦૨૨ એટલે કે પાછલી તારીખથી ઇફેકટ આપીને ચાલુ કરવાની ઉદ્યોગકારો દ્વારા એકમત થઇને માંગ કરવામા આવી હતી.

આથી ચેમ્બર તથા ફિઆસ્વી દ્વારા ભારતના કેન્દ્રીય ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની આગેવાનીમાં ટેકસટાઇલના તમામ સેકટરના આગેવાનોને સાથે રાખીને જ્યાં સુધી ટીટીડીએસ સ્કીમ ચાલુ નહીં થાય અને અમલમાં નહીં મુકાય ત્યાં સુધી એ–ટફ સ્કીમને ૧લી એપ્રિલ– ૨૦૨૨ એટલે કે પાછલી તારીખથી ઇફેકટ આપીને ચાલુ કરવાનું નોટિફિકેશન બહાર પાડવા માટે સરકારને રજૂઆત કરવામાં આવશે.

ચેમ્બરના તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા એવો રિપોર્ટ સબમીટ કરવામાં આવ્યો છે કે એ–ટફ સ્કીમ ઘણી સારી સ્કીમ હતી અને તેને કારણે સમગ્ર ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીનો વિકાસ થયો છે. આ સ્કીમ થકી નવી રોજગારીનું સર્જન થયું છે. તેમણે વધુમાં કહયું કે, એ–ટફ સ્કીમને ફરીથી ચાલુ કરવામાં આવશે તો ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં નવું રોકાણ આવશે અને તેની સાથે જ ભારતમાંથી ટેકસટાઇલનું એકસપોર્ટ પણ વધશે. જેથી કરીને એ–ટફ સ્કીમને ફરીથી ચાલુ કરાવવા માટે રજૂઆત કરાશે.